ગાંધીનગર સમાચાર

# ગુજરાતનો મહાસંગ્રામ 2012

**મત દેજો માઈબાપ...**
**...ચૂંટણી આવી**
- ભરત કવિ 'ઊર્મિલ'

દેશો જો મત
મૂલવશું કિંમત
રૂડી પેરે રે
♦♦♦♦♦♦♦♦
નહિ બદલું
પાટલી, સિવાય કે
મળે ખુરશી
♦♦♦♦♦♦♦♦
વિજય મારો
થાશે તમુંના મતે
દેશો ને સહુ ?
♦♦♦♦♦♦♦♦
આયો તમારાં
દર્શને, બાપલિયા !
પાંચ વરહે
♦♦♦♦♦♦♦♦
દાસાનુદાસ
આજ છું તમારો હું
આપો જો મત
♦♦♦♦♦♦♦♦
હોશિયાર છું
દલબદલમાં હું
કાંઈ કમ છું ?
♦♦♦♦♦♦♦♦
ના ખપે કાંઈ
આજે, ચૂંટણી કેડે
થાશું પ્રધાન
♦♦♦♦♦♦♦♦
આપીશું હાઉં
રોજી-રોટી, કપડાં
દેશો ને મત ?
♦♦♦♦♦♦♦♦
નેતા રે આયા
વચનો ઠાંસી ઠાંસી
ગાડાં રે લાયા
♦♦♦♦♦♦♦♦
નહિ છોડું હું
પક્ષ, સિવાય ભળે
પક્ષ સમૂળો

### મતદાન ટાણે પ્રાગજી વિરૂદ્ધ પત્રિકાઓ ફરતી થઈ

## ભાજપના સ્થાનિક નેતાઓનો વિરોધ પ્રાગજીને હરાવી શકે છે

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત વિધાનસભાની અમદાવાદ જિલ્લાની ચાર બેઠકોની ચૂંટણીમાં આજે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો. સાણંદ, વિરમગામ અને ધોળકાની બેઠક પરના મતદાન મથકો પર સવારથી જ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. તમામ મતદાન મથકો પર પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અમદાવાદ જિલ્લાની વિરમગામ બેઠક પર ભાજપાના ઉમેદવાર પ્રાગજી પટેલ અને કોંગ્રેસના ઉમેદવાર ડો. તેજશ્રીનીબહેન ડી. પટેલ વચ્ચે જ મુખ્ય જંગ જોવા મળ્યો હતો. વિરમગામની બેઠક પર ભાજપના સ્થાનિક અગ્રણીઓમાં જ આજે મતદાનના દિને જ અસંતોષ જોવા મળ્યો હતો. પ્રાગજી પટેલ હારશે એવું ભાજપના સ્થાનિક અગ્રણીઓ જ કહી રહ્યા હતા. એટલું જ નહીં આજે મતદાનના દિને ભાજપના ઉમેદવાર પ્રાગજી પટેલ વિરુદ્ધની પત્રિકાઓ પણ ફરી રહી હતી. બે ટર્મથી ધારાસભ્ય હોવા છતાં પ્રાગજી પટેલે સમાજ માટે શું કર્યું એવા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ભાજપનો સ્થાનિક આંતરકલહ કોંગ્રેસને ફાયદો કરાવશે તેમ લાગ્યું હતું. વિરમગામની બેઠક પર મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. માંડલમાં મતદાન આપ્યા બાદ ઈકબાલ અહેમદ કચોટ (ઉ.વ. ૬૫) નામના વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હતું. ઈકબાલભાઈ એસ.ટી. નિવૃત્ત કર્મચારી હતી. મત આપીને મતદાન કેન્દ્રની બહાર નીકળતા જ આ બનાવ બન્યો હતો. સાણંદની બેઠક પર ભાજપના ઉમેદવાર કમાભાઈ રાઠોડ અને કોંગ્રેસના ઉમેદવાર કમશીભાઈ વી. કોળી વચ્ચે જંગ ખેલાયો હતો. કમશીભાઈ સ્થાનિક ઉમેદવાર હોવાને લીધે મતદારોનો ઝોક તેમની તરફ વધુ જોવા મળ્યો હતો. જ્યારે ધોળકાની બેઠક પર ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કોંગ્રેસના ઉમેદવાર પ્રદ્યુમ્નસિંહ ચાવડા વચ્ચે જંગ ખેલાયો હતો. ધોળકા શહેરમાં મતદારોની લાગણી ભાજપ તરફી જોવા મળી હતી. જ્યારે ગામડાઓના મતદારોના મત કળી શક્યા ન હતા. તેમજ ધંધુકાની બેઠક પર પણ ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ મુખ્યસ્પર્ધા જોવા મળી હતી. કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્ર શાહે ૬ મહિના પહેલાથી લોકસંપર્ક અભિયાન શરૂ કરી દીધું હતું. આ બેઠક જીતવા માટે બન્ને ઉમેદવારોએ દાવા કર્યા છે.





ગુજરાત વિધાનસભા ચુંટણીના બીજા તબક્કાના મતદાન માટે આજે બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ખાતે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રીની એક જાહેર સભા યોજાઈ હતી. જેમાં હજારોની માનવ મેદનીનું વિનમ્રતાએ અભિવાદન લઈ કોંગ્રેસના યુવરાજે અનેક મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી મોદીને આડે હાથ લીધા હતાં. બનાસકાંઠામાં વિધાનસભાની નવ સીટો પર કોંગ્રેસનો વિજય થાય તે માટે સમગ્ર બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી દ્વારા જિલ્લાભરમાં પ્રચાર કાર્ય વેગવંતુ બનાવાયું છે ત્યારે આજે પાલનપુરના પારપડા ખાતેના મેદાનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી રાહુલ ગાંધીની વિશાળ જાહેરસભા યોજાતા કોંગ્રેસ પક્ષમાં નવો થનગનાટ જોવા મળ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ બીજા તબક્કા માટે સૌ સાથે

- વિધાનસભા ચૂંટણી-૨૦૧૨ અંતર્ગત પ્રથમ તબક્કાનું મતદાન રંગેચંગે પૂર્ણ થયું છે અને ધાર્યા કરતાં વધારે મતદાનથી વિવિધ રાજકીય પક્ષો પણ ખુશ છે ત્યારે આનાથી પણ વધુ સારો દેખાવ બીજા તબક્કામાં થાય એ માટે વિવિધ રાજકીય પક્ષોએ કમર કસી લીધી છે. હવે સૌ સાથે મળીને બીજા તબક્કાને ઝળકાવવા માટે પ્રચાર ઝૂંબેશ ચલાવશે એવો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. આ કારણે હવે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના જે વિસ્તારોમાં ચૂંટણી બાકી છે એ વિસ્તારોમાં વિવિધ અગ્રણીઓ અને કાર્યકરોની ફોજ પ્રચાર માટે નીકળી પડી છે. મોટા ભાગે દક્ષિણ ગુજરાતના અગ્રણીઓ અને કાર્યકરોને મધ્ય ગુજરાતમાં અને સૌરાષ્ટ્ર વિસ્તારના કાર્યકરોને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં કામગીરી સોંપાઈ ચૂકી છે અને શુક્રવાર સવારથી તો આ સૌ અગ્રણીઓ-કાર્યકરો સંબંધિત વિસ્તારોમાં પોતાની કામગીરી કરતા જોવા મળી રહેશે.
- પ્રથમ તબક્કામાં ધાર્યા કરતાં વધારે મતદાન થયું છે એ બાબત સૌ રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ખુશીની સાબિત થઈ છે. સૌ ધામધૂમથી એવો દાવો કરી રહ્યા છે કે આ મતદાન પોતાના પક્ષના કારણે થયું છે અને નિશ્ચિતપણે પોતાના તરફી જ થયું છે. મિડીયામાં પણ આવા અહેવાલો હિંમતપૂર્વક અનેક અગ્રણીઓએ પ્રસારિત કરી દીધા છે. પ્રથમ તબક્કામાં થયેલું મતદાન પોતાના પક્ષ તરફી હતું અને આ મતદાનને પગલે પોતાના પક્ષની અમુક-તમુક બેઠકો નિશ્ચિત થઈ ચૂકી છે એવો દાવો કરનારા પણ છે.
- પ્રથમ તબક્કાની ચૂંટણી ગાંધીનગર વિસ્તાર માટે નહોતી અને ગાંધીનગર વિસ્તારમાં રજા પણ જાહેર કરવામાં આવી નહોતી એ કારણે સરકારી કચેરીઓ અને ખાનગી કચેરીઓ પણ ચાલુ ભલે રહી હતી, પરંતુ એ સર્વ સ્થાનોએ ગુરુવારે ચૂંટણી જ હાવી રહી હતી. 'ક્યાં - કેટલું મતદાન થયું ? કોના તરફી મતદાન થયું ? અહેવાલો શું કહે છે ?' એવી જ ચર્ચાઓ દિવસભર ચાલી હતી. ટેલીવિઝન અને ઈન્ટરનેટનો એ કારણે ભરપૂર ઉપયોગ પણ થયો હતો. પોતપોતાના પસંદીદા જૂથમાં બેસીને દિવસભર કર્મચારીઓ-નગરજનોએ બસ ચૂંટણીની જ ચર્ચા કરી છે. અમુક તમુક પક્ષના પ્રશંસકોએ જોશપૂર્વક એવા દાવા પણ ઠોક્યા હતા કે આ ચૂંટણીનું મતદાન અમુક તમુક પક્ષની તરફેણમાં જ છે અને એટલે પરિણામ એ પક્ષે જ આવશે. જોકે, આ બાબતે સચ્ચાઈ કેટલી એ તો ૨૦મીએ જ ખબર પડશે !
- પ્રથમ તબક્કાના મોટા મતદાનથી ચૂંટણીનો માહોલ વધુ ગરમાઈ ગયો છે એ પણ એટલી જ નક્કર હકીકત છે. અગાઉ ચૂંટણીમાં નિરાશા રહેશે ને મતદારો આ વખતે ઉત્સાહમાં નથી જણાતા એવા અહેવાલો ભલે પ્રસારિત થયા હોય, પણ પ્રથમ તબક્કાની ચૂંટણીએ આ ચિત્ર બદલી નાંખ્યું છે. હવે તો બીજા તબક્કામાં પણ ધાર્યા કરતાં વધુ મતદાન થશે એવી આશા ન માત્ર રાજકીય પક્ષોને પરંતુ તંત્રને પણ જાગી છે અને એ કારણે પક્ષોની સાથે સાથે તંત્રએ પણ કમર કસી લીધી છે. મોટી સંખ્યામાં મતદાન એ લોકશાહી માટે સારી નિશાની છે, સ્પષ્ટ બહુમત મળવાની આશા એનાથી મજબૂત થાય છે. એ જોતાં તંત્ર માટે તો આ સારા સમાચાર છે, બાકી પક્ષોને તો ૨૦મીએ પરિણામની જાણ થઈ જ જશે.

### ક્યાંક ઉંમરનો તો ક્યાંક જ્ઞાતિનો મલાજો

# સરવાળે બેઉ પક્ષોનાં પલ્લાં સરખાં ઊતરશે ?

મહેસાણા જિલ્લાની ઊંઝા બેઠક પર હરહંમેશ પાટીદારોનો કબજો રહ્યો છે. શંકરલાલ ગુરૂ ઊંઝા ગંજબજારના પ્રતિષ્ઠિત વેપારી. એમનું નામ આવે બેઠક સાથે જૂના સમયથી જોડાયેલું રહ્યું છે. ધારાસભ્યમાં બે 'શંકર' અચૂક ચૂંટાઈ આવતા- બેઉ પાછા મહેસાણા જિલ્લામાંથી. ખેરાલુની બેઠક પરથી શંકરજી ઠાકોર ચૂંટાતા અને ઊંઝાનું પ્રતિનિધિત્વ શંકરલાલ ગુરૂ કરતા. સંજોગો બદલાતાં ઊંઝાની બેઠક કાનજી લલ્લુ પાસે સરી ગઈ. આ ભડ માણસ તે હાલના ધારાસભ્ય નારાયણ લલ્લુના મોટાભાઈ. સંસ્થા કોંગ્રેસ-જનતાદળનાં પ્રતીકો પર કાનજી કાકાએ ઊંઝા બેઠક પરથી કોંગ્રેસનું ઉઠમણું કર્યું ત્યારથી આ બેઠક સતત કોંગ્રેસના ઉમેદવારને નકારતી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ એમની હોમ પીચ પર મોહનસિંહ રાઠવા સામે હારી ગયા તે પછી સલામત બેઠકની શોધમાં એકવાર જામ જોધપુર જઈને ચૂંટાઈ આવ્યા. પરંતુ પછી એમને ગાંધીનગર નજીકની ઊંઝા બેઠક એકદમ સલામત લાગી એટલે જીવ્યાં ત્યાં લગી ઊંઝાથી લડતા રહ્યા. ઊંઝા બેઠકમાં નરેન્દ્ર મોદીનું વડનગર પણ આવી જાય છે. જ્યારે વર્ષો અગાઉ નવું સીમાંકન થયું ત્યારે આ ખેરાલુ બેઠકનું સૌથી મોટું ગામ ઊંઝા અને આસપાસનાં ગામો સાથે ભેળવી ઊંઝાની નવી બેઠક અસ્તિત્વમાં આવી હતી. છેલ્લા સીમાંકનમાં ખેરાલું બેઠકનાં કેટલાંક 'કોંગ્રેસી વોટ બેંક' જેવાં મુમનોનાં ગામ ઊંઝામાં ભેળવાયાં છે. એથી પાટીદારોની જંગી બહુમતી ધરાવતી ઊંઝા બેઠક પર ચૂંટણી લડી રહેલાં મહિલા કોંગ્રેસ અગ્રણી ડૉ. આશા પટેલ વર્તમાન ધારાસભ્ય નારાયણભાઈ પટેલ સામે થોડો દેખાવ જરૂર કરી શકશે. અગાઉ ચીમનભાઈ પટેલ સામે કોંગ્રેસે ઊભા રાખેલા અભિનેત્રી શ્રદ્ધા પાંચોટીયાની જેમ એ હરીફ વડીલ ઉમેદવારને સીધેસીધી વૉક ઑવર નહીં મળે, પરંતુ જીતશે તો કાકા.

નજીક ખેરાલુ બેઠક પર ઠાકોર સમાજની બહોળી વસતી છે. અહીં છેક બાવનની પહેલી ચૂંટણીથી આ બેઠક પર એકચક્રી પ્રભાવ ધરાવતા ડભોડાના પ્રખર ઉઘાડપગા ક્ષત્રિયનેતા શંકરજી ઠાકોરને કોઈને કોઈ ચૌધરી ઉમેદવાર પડકારતો રહ્યો છે. બે વાર શંકરજી ઠાકોર ચૌધરી ઉમેદવારો સામે હાર્યા પણ હતા. અગાઉ વડનગરના વતની મહાગુજરાત જનતા પરિષદના નટવરલાલ પટેલે શંકરજી ઠાકોરને હંફાવ્યા ત્યારે વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાત વરસની કાચી વયે રાજકારણની રંગત જોઈ ભવિષ્યમાં 'કંઈક' બનવાનાં સપનાં સેવવા લાગ્યા હશે. એમના જીવન પર જેમનો પ્રભાવ હોવાનું સ્વીકારે છે તે ડૉ. વસંત પરીખ સર્વોદયની વિચારસરણી ધરાવતા લોક સેવક હતા. અપક્ષ ઉમેદવાર તરીકે તેઓ ઉવાર ચૂંટણી લડ્યા. ધરોઈ સત્યાગ્રહ કરનારા ડૉ. વસંત પરીખ પણ અને આખા દેશમાં વિશિષ્ટ, આદર્શ ધારાસભ્ય તરીકે દૃષ્ટાંત બની રહેલા શંકરજી ઓખાજી ઠાકોર સામે ઝીંક ઝીલી શક્યા ન હોતા. ખેરાલુ બેઠક પરથી ચૂંટણીમાં હરહંમેશ શંકરજી ઠાકોરના મુખ્ય પ્રતિસ્પર્ધી રહેનારા મોહનભાઈ દેસાઈ ફકત એકવાર વિજયની વરમાળા પહેરી શકયા હતા. શંકરસિંહ વાઘેલાના ઐતિહાસિક બળવા પછીની ચૂંટણીમાં શંકરજી સામે રાજપાના વિપુલ ચૌધરી અને ભાજપનાં રમીલા દેસાઈનો પણ પરાજય થવા પામ્યો હતો. પરંતુ તે પછી ગોધરાકાંડના ઓછાયા હેઠળ રમીલા દેસાઈએ શંકરજીને ભારે બહુમતીથી પછડાટ આપી હતી. ભારતીય જનતા પાર્ટીનું સુકાન નરેન્દ્ર મોદીએ સંભાળ્યું તે પછી શક્તિશાળી કોંગ્રેસી આગેવાનોને માનભેર કોંગ્રેસમાંથી ખેંચી લાવી ભાજપનો ભગવો ખેસ પહેરાવી દેવાનો સિલસિલો શરૂ થયો, જે મુજબ શંકરજી ઠાકોરના અવસાન પછી એમના સુપુત્ર ભરતસિંહ ડાભીને ભાજપમાં આણી ખેરાલુની બેઠક અંકે કરી લેનાર નરેન્દ્ર મોદીની આણ સામે ખુલ્લો અણગમો દર્શાવતા ભરતસિંહ ડાભીને રિપીટ કરવા પડ્યા એ ભાજપની મજબૂરી છે. કોંગ્રેસે અહીં ઠાકોર મતોમાં ભાગ પડાવી શકે એવા યુવાન ઠાકોર આગેવાન બાબુજીને ટિકિટ આપી છે. જગદીશ ઠાકોર જેવા ઝુઝારુ સાંસદ આ બેઠક પર 'કોંગ્રેસી ઠાકોર'ને જિતાડી લાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. ૨૬૦૦૦ જેટલા ચૌધરી મત નિર્ણાયક બની શકે. દૂધસાગર ડેરીના ચૅરમેન અને દૂધ સંઘોના ફૅડરેશનના પણ ચૅરમેન વિપુરલ ચૌધરીને ખેરાલુની બેઠક પર ટિકિટ આપવાની પ્રબળ ઈચ્છા છતાં મોદીને આ બેઠક પર અણગમતા ભરતસિંહ ડાભીને રિપીટ કરવા પડયા, એથી ચૌધરી સમાજ નારાજ થયો છે. મહેસાણા જિલ્લામાં ચૌધરીઓ ઓછામાં ઓછી એક બેઠકની અપેક્ષા રાખતા રહ્યા છે. કોંગ્રેસે હાલ ગાંધીનગર જિલ્લામાં સમાવાયેલી પરંતુ મૂળભૂત રીતે મહેસાણા જિલ્લાનો જ ભાગ એવી માણસાની બેઠક શંકસિંહ વાઘેલાના વફાદાર સાથી અને અખિલ આંજણા મહાસભાના પ્રમુખ હરિભાઈ ચૌધરીના પુત્ર અમિત ચૌધરીને ફાળવીને કોંગ્રેસે ચૌધરીઓને પડખે લેવાનો ખેલ પાડ્યો છે. કડીની અનામત બેઠક પર ભાજપે સિનેસ્ટાર હિતુ કનોડીયાને મૂકીને કાર્યકરોને નારાજ કર્યા છે અને પ્રજાને વખત પૂરતું મનોરંજન પૂરું પાડ્યું છે. સમજુ પ્રજાએ આવી અણસમજુ પ્રજાવિરોધી ચેષ્ટાને તાબે ન જ થવું જોઈએ. પ્રજાને પ્રતિનિધિ ખપે, નેતા ખપે, અભિનેતા માટે તો એની રંગમંચ અને કચકડાની દુનિયા જ અનામત ગણાવી ઘટે. પરંતુ રાજકારણ એવા આદર્શોને વળી સ્વીકારે છે જ ક્યારે ? જોટાણા બેઠક અગાઉ 'અનામત' બેઠક તરીકે હતી તે નવા સીમાંકનમાં કડીને ફાળવાઈ છે. તેથી જિલ્લાના રાજકારણમાં ખાસ્સી હલચલ પણ મચી ગઈ છે. કડી બેઠક પર એકમેકની સામે વારાફરતી જીતેલા અને હારેલા ઉમેદવારો ભાજપના નીતિન પટેલ અને કોંગ્રેસના બળદેવજી ઠાકોરને અન્ય બેઠકો પર જવું પડ્યું છે. ચાણસ્માની બેઠક પર ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકન દાખલ કર્યા પછી હટી ગયેલા અરવિંદ પટેલ કેશુભાઈ પટેલના મંત્રી મંડળના સાથી રહી ચૂક્યા છે. પાટીદારોનું રાજકારણ પક્ષ કરતાં સમાજને સવિશેષ અનુસરે છે. અરવિંદ પટેલના ભાઈ અને ખેરવાની ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ મહેસાણા ધારાસભ્ય- પૂર્વ મંત્રી અનિલ પટેલને મોદીએ પડતા મૂકયા છે, તેમ છતાં અરવિંદભાઈ પટેલે જીપીપીના ઉમેદવાર થયા પછી પારોઠનાં પગલાં ભરી કેશુભાઈ પટેલના વિશ્વાસઘાત કર્યો છે. એમને તાબડતોબ પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વિસનગરની બેઠક પર ચૂંટણી લડી રહેલા ભોળાભાઈ પટેલ છબીલદાસ મંત્રી મંડળમાં મંત્રી પદે રહ્યા હતા. 'ઉત્તર ગુજરાતના ગાંધી' જેવી ઊજળી છાપ ધરાવતા સાંકળચંદ પટેલના આ રાજકીય વારસને વિસનગર નાગરિક બેંકના કૌભાંડને મુદ્દે ભારે બદનામી વહોરવી પડી છે, છતાં રાષ્ટ્રવાદી કોંગ્રેસે એમને વિસનગર બેઠક પરથી ઊભા રાખીને આશ્ચર્ય સર્જ્યું છે. બેંકની ગઈ ગુજરી ભૂલી જઈને તથા કેળવણીક્ષેત્રે તથા જાહેરજીવનમાં આપેલા વિશિષ્ટ યોગદાનને નજર સમક્ષ રાથીને વિસનગર પંથકની પ્રજા એના આ નીવડેલા નેતાની સેવાઓની કદર કરે છે કે કેમ એ જોવું રસપ્રદ બની રહેશે. ભોળાભાઈ પટેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડી રહેલા સૌથી ઉંમર લાયક વડીલોપૈકીના એક છે. સામે ઋષિકેશ પટેલ ભાજપ માંથી ચૂંટાયેલા કડવા પાટીદાર સમાજના જ યુવા અગ્રણી અને બિલ્ડર છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેના જંગમાં પ્રજા કોને પસંદ કરે છે, તેની તો મતપેટીઓ ખૂલ્યે જ ખબર પડશે. વિજાપુર બેઠક માટે કોંગ્રેસે નરેશ રાવળનો દાવો નકાર્યો, એથી નરેશ રાવળ પણ નરહરિ અમીન સાથે બળવામાં સામેલ થયા હતા. પરંતુ એમને એમના રાજકીય ગૉડફાધર સમા અહમદ પટેલે ઈશારો કરી દીધો લાગે છે. નરેશ રાવળે કોંગ્રેસ છોડીને રાજકીય આપઘાત નથી કર્યો! પરંતુ આ બેઠક પરંપરાગત ભાજપની બેઠક રહેતી આવી છે, તેથી નરેશ રાવળ વર્તમાન કોંગ્રેસી ઉમેદવારને મદદ કરે કે ન કરે, એથઈ પરિણામમાં ફરક પડવાની ઝાઝી શકયતા નથી. ઊલટાનો કોંગ્રેસે પસંદ કરેલો પટેલ ઉમેદવાર પટેલોમાં 'પંજા'ને ફરતો કરશે, એ નફામાં.

ખેરાલુ અને માણસા પૈકી એક બેઠક ચૌધરી જ્ઞાતિના ઉમેદવારને ફાળવવાની નીતિ કોંગ્રેસ અને ભાજપ- બેઉ પક્ષો અપનાવતા રહ્યા છે. આ વખતે કોંગ્રેસે પેટા ચૂંટણીમાં વિજેતા બનેલા બાબુજી ઠાકોરને પડતા મૂકી અમિત ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે. એની પાછળ જિલ્લાના ચૌધરી સમાજના મતો મેળવવાની ગણતરી છે. નારાજ ઈશ્વરસિંહ ચાવડાએ પક્ષ પલટો કરી ભાજપનો ભગવો પહેરી લીધો છે, તેથી દેખીતી રીતે કોંગ્રેસે એના જીતેલા ઠાકોર ઉમેદવારને ડિંગો બતાવ્યો છે તેથી ઠાકોર સમાજમાં રોષ છે. છતાં ધારાસભ્ય બાબુજી ઠાકોર પક્ષને વફાદાર રહી કોંગ્રેસનો પ્રચાર કરી રહ્યા છે. માણસામાં અપક્ષ ઊભા રહેલ ઠાકોર ઉમેદવાર આ બેઉ પક્ષો વિરૂદ્ધ અન્યાય કર્યાની બૂમરાણ મચાવી રહ્યા છે. કોંગ્રેસી ઉમેદવારને કલોલ બેઠકનાં નવા સીમાંકન હેઠળ માણસા બેઠકમાં ઉમેરાયેલાં કોંગ્રેસ તરફી ગામોનો સહકાર મળવાની આશા છે. કડવા પટેલોમાં 'રૂપિયો' અને 'પાવલી' જેવાં બે જૂથ છે. ગત પેટા ચૂંટણીમાં 'રૂપિયો ' ગણાતા કડવા પટેલોએ 'પાવલી' જૂથના ડી.ડી પટેલને જાકારો આપ્યો હતો. તે અભિગમ આ વખતે પણ ચાલુ રહે તો ડી.ડી. પટેલનું ગાડું ઘોંચમાં પડવાની શકયતા પણ ખરી. જો કે ચૌધરીઓએ ગઈ પેટા ચૂંટણીમાં જે એકતા બતાવીને ઠાકોર ઉમેદવારને ટેકો આપ્યો હતો. એવો વળતો ટેકો ઠાકોર સમાજ પાસેથી ચૌધરી ઉમેદવારને મળી રહે તો છેલ્લે પટેલ સમાજ એક થઈ જાય તેમ છતાં કોંગ્રેસનો ઉમેદવાર જીતે એવું ગણિત બેસે છે. તાજેતરમાં કોંગ્રેસના ચૌધરી ઉમેદવારના યુવાન બનેવીનું રોડ અકસ્માતમાં કમકમાટી ભર્યું મૃત્યું થવાથી ચૌધરી સમાજ ઉપરાંત સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. સહાનુભૂતિનું મોજું કદાચ યુવાન કોંગ્રેસી ઉમેદવારને ફળે પણ ખરું. અલબત્ત, ડી.ડી. પટેલ તરફે પણ પાટીદારો ઉપરાંત કોગ્રેંસના બળવાખોરોની સહાનુભૂતિ રહેશે અને એમની લાયકાતના મુદ્દે તો પ્રશ્ન છે જ નહીં. માણસામાં વિપુલ ચૌધરીનો ઈશારો પણ એટલો જ કારગત રહેતો આવ્યો છે. વિપુલ ચૌધરીએ તો ચૌધરી કોલેજની રજતજયંતિ પ્રસંગે નરેન્દ્ર મોદીને ચૌધરી સમાજના મતો અભરામ નંદાવે લખી આપ્યા છે. શું એ એમનું વચન પાળી શકશે ખરા?

**ભારતીય જનતા પાર્ટીનું સુકાન નરેન્દ્ર મોદીએ સંભાળ્યું તે પછી શક્તિશાળી કોંગ્રેસી આગેવાનોને માનભેર કોંગ્રેસમાંથી ખેંચી લાવી ભાજપનો ભગવો ખેસ પહેરાવી દેવાનો સિલસિલો શરૂ થયો, જે મુજબ શંકરજી ઠાકોરના અવસાન પછી નરેન્દ્ર મોદીની આણ સામે ખુલ્લો અણગમો દર્શાવતા શંકરજીના સુપુત્ર ભરતસિંહ ડાભીને રિપીટ કરવા પડ્યા એ ભાજપની મજબૂરી છે**

**ખેરાલુ અને માણસા પૈકી એક બેઠક ચૌધરી જ્ઞાતિના ઉમેદવારને ફાળવવાની નીતિ કોગ્રેંસ અને ભાજપ- બેઉ પક્ષો અપનાવતા રહ્યા છે, આ વખતે કોગ્રેંસે પેટા ચૂંટણીમાં વિજેતા બનેલા બાબુજી ઠાકોરને પડતા મૂકી અમિત ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે એની પાછળ જિલ્લાના ચૌધરી સમાજના મતો મેળવવાની ગણતરી છે; નારાજ ઈશ્વરસિંહ ચાવડાએ પક્ષ પલટો કરી ભાજપનો ભગવો પહેરી લીધો છે, તેથી દેખીતી રીતે કોગ્રેંસે એના જીતેલા ઠાકોર ઉમેદવારને ડિંગો બતાવ્યો છે તેથી ઠાકોર સમાજમાં રોષ છે**

**ચાણસ્માની બેઠક પર ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકન દાખલ કર્યા પછી હટી ગયેલા અરવિંદ પટેલ કેશુભાઈ પટેલના મંત્રી મંડળના સાથી રહી ચૂક્યા છે, પાટીદારોનું રાજકારણ પક્ષ કરતાં સમાજને સવિશેષ અનુસરે છે; અરવિંદ પટેલના ભાઈ અને ખેરવાની ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ મહેસાણા ધારાસભ્ય- પૂર્વ મંત્રી અનિલ પટેલને મોદીએ પડતા મૂકયા છે, તેમ છતાં અરવિંદભાઈ પટેલે જીપીપીના ઉમેદવાર થયા પછી પારોઠનાં પગલાં ભરી કેશુભાઈ પટેલના વિશ્વાસઘાત કર્યો છે.**

**ચૂંટણી ચક્રવ્યૂહ**
- યુયુત્સુ દેસાઈ